सुलोचना सती आख्यान

(એક ગાયનરૂપી નાટક.)

ધ્રુ દુર્લભદાસ વિ. શ્યામજીપાસે રચાવીને

પ્રકટ કરનાર

મોદી તારાચંદ વિ. [illegible]ચંદ તથા શેઠ નાગજી વિ. શવજી,

રેહેવાશી જામનગરના.

દોહરો.

કથા રામાયણ તણી, સોમાં છે સુખકાર;

વાંચો સતી વિજય સદા, ધ્યાન ધરી નરનાર.

મુંબઈ:

ઓરિયન્ટલ પ્રેસમાં છાપ્યું.

પ્રથમ આવૃત્તિ. નકલ ૧૦૦૦.

સંવત ૧૯૩૮. સન ૧૮૮૧.

કિમ્મત બે આના.

૧૪૭૯

૧૪૭૭

सुलोचना सती आख्यान

ગાયનમાં.

મંગળાચરણ.

આનંદ કંદ તું ઇશ અભીનંદન.—(એ રાહ.)

દુષ્ટ નિકંદના, કષ્ટજ ભંજન; મન આ કિંકરનું રે, કરજો રંજન.—ટેક.
ઘટઘટ વ્યાપક, તું છેરે સાચો; તમવિન દુનિયાનો, પાયો કાચો. દુષ્ટ.
આશરે તારે, પ્રાણી વસે છે; પાપી હોય તેજ, દૂર ખસે છે. દુષ્ટ.
વેદ પુરાણમાં, તુંરે ગવાયે; તુજવિન સૌ વાત, જૂઠ જણાયે. દુષ્ટ.
આખ્યાન સુંદર, વરણું સતીનું; મારૂં તો જ્ઞાનછે, અલ્પ મતીનું. દુ.
રાવણ સુત, સુલોચન નારી; કર કૃપા તે કહું, આનંદકારી. દુષ્ટ.

પ્રવેશ ૧ લો. (સ્થળ, રાજસભા.)

(एक सेवक खबर देछे.)

કરૂણા નિધાન ઇશ.—(એ રાગ.)

લંકાધીપ શ્રવણ કરો, અર્જ એક મારી;
પામ્યો મર્ણ કુંભકર્ણ, વાત થઇ નઠારી. લંકાધીપ.
અવર ગયા જોરવંત, આપ પુત્ર ભારી;
છેક થયું ખોટું કાજ, લાજના વધારી. લંકાધીપ.

रावण— (સભામાં.)

અરેરે હવેજ કોણ, જશે ત્યાં વિચારી;
જતી રહી સ્વચ્છ બાંય, અરે આજ મારી. અરેરે.

કૂળનોરે થયો નાંશ, હામ જાય હારી;
હામમાં ને હામમાંજ, ઘાવ લાગ્યો કારી. અરેરે.

इंद्रजित— (હાજર થાય છે.)—તે રાવણ પ્રત્યે.

રૂદન કરો કેમ તાત, થવાનું તે થાશે;
ઉર મધ્ય રાખો હામ, યુદ્ધે પુત જાશે. રૂદન.
પાછળે ન કરો શોક, ઉભો આપ પાસે;
જઈ તુર્ત રામ સૈન્ય, નસાડું ક્ષું વાસે. રૂદન.

દોહરો.

પ્રથમ પુજું કુળદેવીને, પૂરી કરવા હામ;
માગું વચન મનમાનતા, પછી ચડું સંગ્રામ. (જાય છે.)

પ્રવેશ ૨ જો. (સ્થળ, રામસભા.)

(વિભિષણ कहे છે.)

રાગ ઈન્દ્રસભા.

અર્જ આજ એક મારી, સુણો રામચંદ્ર;
કુટુંબ દેવી સેવવાને, ગયો જીત ઇંદ્ર.
વિજય રથ આપી અને, બાણ દેશે માત;
પછી મૃત્યુ થશે નહીં, તેનું વિશ્વતાત.
પ્રથમ એક મળ્યું છેજ, મોટું વરદાન;
નિદ્રાજીત બ્રહ્મચારી, બાર વર્ષ માન.
હોય તેજ મારે તેને, અન્ય ખાય હાર;
માટે યજ્ઞ ભંગ કરો, શોધી પુરૂષસાર.

ઠેકાણું છે ગુફામાંય, તે હું બતાવીશ;
આજ્ઞા કરો એવી ત્યાંય, સાથે આવે કીશ.

राम— (વિભિષણપ્રત્યે.)

નિદ્રાજીત બ્રહ્મચારી, નથી એવો કોય;
ખરેખાત સૈન્યમાં તો, નહીં કદી હોય.

लक्ष्मण— (રામપ્રત્યે.)

હાજર છે કનિષ્ટ બંધુ, ફિકર તજો ભ્રાત;
"પણ" એવું પાળ્યું છે મેં, તુજ પ્રતાપે તાત.

राम— (લક્ષ્મણપ્રત્યે.)

ગજલ.

વાહવાહ બંધવા તેં, કર્યું ભારી કાજ;
અજબ પામું છું અરે, રાખી કુળની લાજ. વાહવાહ.
સાચવ્યા છે નિયમ એવા, ખબર પડી આજ;
અજાણ હતો આટલા દી, રે વીરા તેમાંજ. વાહવાહ.
વિજય થશે જાને સદા; હુકમ આપું હુંય;
હર્ષ વાજાં વગાડીને, વળજે વેલો તુંય. વિજય. (જાય છે.)

પ્રવેશ ૩ જો. (સ્થળ, દેવીની ગુફા.)

विभिषण— (લક્ષ્મણપ્રત્યે.)

દોહરો.

ગુફા રહી પેલી જુઓ,઼ઓ લક્ષ્મણજી આપ;
કાયર કરવા વાંદરા, મેલી ચડાવો ચાપ.

लक्ष्मण— (વાંદરાપ્રત્યે.)

રાગ—ઈન્દ્રસભાનો.

અરે ક્રીશ જાઓ તમે, છુટે જીત ઇન્દ્ર;
બાર આવે ત્યારે સહુ, બનો પછી બળીંદ્ર.

इंद्रजित— (દેવીની સ્તુતિ કરે છે.)

લાવણી.

નરસી મેતા ભગત હરીના.—(એ રાગ.)

જય કુળદેવી માત અમારી, શત્રુ મારા સંહારો;
અક્ષય રથ આપીને મુજને, મને ગણો મનમાં પ્યારો;
હું છું સેવક સાચો તારો, કૃપા દૃષ્ટિ ઘન વિસ્તારો;
વિજય આપીને તારો આજે, ખરો આસરો છે તારો;
મેઘનાદ આ શરણે આવ્યો, હાથ ગ્રહી લે તું મારો;
પ્રેમવડે મેં કરી માગણી, જાણી તુજ ઉત્તમ ધારો. જય કુળ.

(એવામા દેવી પ્રસન્ન થાયછે અને ધનુષ્યબાણસહિત અરથો રથ બહાર નીકળે છે તેવામા વાંદરા ત્યાં આવીને ઈન્દ્રજીતને બળાત્કારે કાયર કરી ઉઠાડે છે તેથી રથ મંગાવી ઈન્દ્રજીત યુદ્ધભૂમિમા લડવા આવે છે પેલા વંદરાઓ યજ્ઞનો ભંગ કરી રથ વગેરે દેવીસુદ્ધાં જમીનદોસ્ત કરી ફરી રણમા આવે છે.)

(યુદ્ધ થતી વખત.)

इंद्रजित— (લક્ષ્મણપ્રત્યે.)

ગરહમને દીલ સનમકું દીઆ—(એ રાહ.)

અરે અલ્યા તપસ્વી તું, યુદ્ધે આવી જા;
યુદ્ધે આવી જારે અલ્યા, યુદ્ધે આવી જા;
ભાર તારો લેખતો, નથીરે જોરમાં. અરે.

लक्ष्मण— (ઇંદ્રજીતપ્રત્યે.)

તને કોણ લેખવે છે, એક કોડિમાં;
એક કોડિમારે મદી, એક કોડિમાં. તને.
મેલ કળે પોંચાડું હું, યમધામમાં. તને.

इंद्रजित— (વિભિષણપ્રત્યે.)

રાગ જોગિઓ આશાવરી.

અરે કાકા તેં કુળ લજાવ્યું, જન્મ ધારીને.

विभिषण— (ઇંદ્રજીતપ્રત્યે.)

સફળ કર્યો જન્મ રામ, નામ ઉચ્ચારી મેં.
ઇંદ્રજિત— ફરી તેં ઉઘાડી સૌ, અમારી છાની વાત;
ધીક્ તને ધીક્ તને, કહું છું હારીને. અરે.
વિભિષણ— સારી શીખ દેતાં મને, મારી લીધી લાત;
અરે એવો ભાઇરે મળ્યો, કહું છું હારીને. સફળ.

(પછી ઇન્દ્રજીત કોપાયમાન થઇને વિભિષણને દુર ખસેડી લક્ષ્માણ સામો લડવા જાય છે ત્યાં પરસ્પર વિવિધ જાતનું યુદ્ધ થાય છેઅને લક્ષ્મણ એક રામદત બાણ કાઢી નિચે લખેલી પ્રતિજ્ઞા કરી મૂકે છે.)

लक्ष्मण— (પ્રતિજ્ઞા કરે છે.)

મોહોલે પધારો મહારાજ—(એ રાગ.)

મારે બાણે થજો તેનું મોત, રે હવે આ મારે બાણે;
વળો ધાણ એનો સૈન્ય સોત, રેહવે આ મારે બાણે.—ટેક.
(સાખી.) સાચી સેવા રામની, કરી હોય જો યાદ;
તો તો રામજી આ સમે, મરજો પાટવી તન મેઘનાદ. રેહવે.

બ્રહ્મચર્ય પાળી સદા, તજી હોય જો નીંદ;
સમદૃષ્ટિ રાખી હોયતો, મરજો આજ તે રીપુ બળીંદ્ર. રેહવે.

(ત્યાર પછી બાણ છોડે છે અને ઈન્દ્રજિતનું મસ્તક છેદાયછે તથા તેનો જમણો હાથ આકાશમાર્ગે ઉડી ઈન્દ્રજિતના આંગણામાં પડે છે કેટલુંક સૈન્ય મરાતાં બાકી નાશી જાય છે.)

પ્રવેશ ૪ થો. (સ્થળ, રામની ફોજ.)

લક્ષ્મણ— (સૈન્યસુદ્ધાં વિજય કરી આવીને.) રામપ્રત્યે.

રાગ—ઈન્દ્રસભાનો.

વિજય કરી શીશ લાવ્યો, અરે બંધુ આજ;
નમન કરૂં આપ ચર્ણ, સર્યું સર્વ કાજ.

રામ— (લક્ષ્મણપ્રત્યે.)

ગજલ.

ધન્ય ધન્ય ધન્ય ધન્ય, મારા લઘુ ભ્રાત;
જોર તારૂં જોઇનેજ, થયો છું રળીયાત.—ધન્ય ધન્ય.

પ્રવેશ ૫ મો. (સ્થળ, સુલોચનાનો રંગમેહેલ.)

સુલોચના— (પોતાની સખીપ્રત્યે.)

રાગ—પરજની ઠુમરી.

લાવ ફૂલના હાર, સખી મારી.—ખેવાર.
કંઠ પેરાવ તું, થઈ પ્રેમ વાળી;
વાસ તો દિલમાં, જાય છે મળીરે. ફૂલના.

શું જ વખાણું, ફૂલની સુગંધી;
કેમ જાય મુખથી, સાચી કહીરે. ફૂલના.

एक सखी— (સુલોચનાને ખબર આપે છે.)

બાત તેરા ચમકત જેસા નૂર.—(એ ચાલ.)
રાણી મારી જીભ આજ, ઉપડી ન જાય,
દેખી વિપરિત મનથી આ રાણી;
શબ્દ ન એક ઉચ્ચરાય. રાણી.
કાન્તી તારી હરો લીધી કંથે,
રણમાં હણાયો રાય. રાણી.
ચોક વિષે ભૂજા પડી તુજ પતિની,
દીલગીરી દીલમાં થાય. રાણી.

(એમ સાંભળીને સુલોચના મૂરછા પામે છે.)

सौ सखीयो— (મળીને સચેત કરે છે.)

સંકટ કોણ નીવારે નાથવિના.—(એ ઢાળ.)
અરે સતી તું સાવધ થઇને, ઉઠ શુભ સમજણ લેવારે;
નામધારીનો નાશ જાણજે, સંબંધે લેવા દેવારે. અરે.
શોક કર્યાથી સુણો સુંદરી, કોય ન આવે કેવારે;
માટે શિક્ષા માની આ મારી, કરો પતીની સેવારે. અરે.

सुलोचना— (સાવધ થઇ વિલાપ કરે છે.)

ગજલ.

અરે નાથ છે દઇને અતી, પ્યારા કામ કીધું તેં શું આ?
મને એકલીરે તજી જતાં, દિલે દયા નાવી લેશ કાં? અરે.

બહુ સૈન્ય જોડે સજ થઈ, સંગ્રામમાં ઉલટે જઈ;
ક્યમ ગયા વેરી રૂપ લઈ? મુજને છોડીને સ્વર્ગમાં. અરે.
આધાર મારે કોય નથી, હવે થાય શું મારી ગતી!
બનું પતિ સંગે હું સતી, ઈલાજ સાચો હાથમાં. અરે.
મને પ્રથમ ચેતાવી નહીં, પછી દગો દીધો રણ રહી;
ત્યાં વેદના ભારી સહી, મેલી આપ પાછા ક્યાં ગયા? અરે.
સખી પ્રત્યે–ઘણીવાર સખી હવે થાયછે, સમો સહગમન તણો જાય છે;
કર લઈ જયાં લંકા રાયછે, ઝટ મારી સાથે ચાલત્યાં. અરે.
(જાય છે.)

પ્રવેશ ૬ ઠો. (સ્થળ, રાવણની રાજયસભા.)

(રાવણનો વિલાપ.)

ગરહમને દીલ સનમકું દીઆ.—(એ રાહ.)
અરે મારા પ્યારા પુત્ર, તું ગયોરે ક્યાં?
તું ગયોરે ક્યાં હવે, તું ગયોરે ક્યાં?—
સ્નેહ ભૂલી મેલી સૌને, તું ગયોરે ક્યાં? અરે.
આધાર મારે નથી કોઇ, જયાં જાઉં ત્યાં;
પૂર સત્રુનું પડ્યુંજ મારૂં, રે શૂરા વીના. અરે.

રાગ—ઇન્દ્રસભાનો.

સ્વપ્નરૂપ થઈ ગયુંછે, પુત્રવીના રાજ;
ધીક્ક મારૂં જીવવું ને, ધીક્ક મારૂં કાજ;
પાપ નડયા પૂર્વ કેરા, રહ્યો નહીં સાર;
યુદ્ધે ઇન્દ્રજીત વિના, કોણ કરે વાર.

ઉજડ થયા ધામ મારા, પાંખો જતાં આજ;
ઉડી શકું કેમ હવે, ડૂબ્યું મારૂં જાજ.
અરે દૈવ શું કર્યું આ, શું કરૂં ઉપાય;
મુખ્ય પુત્રવગર મારે, અંગે લાગી લાય.
રૈયત મને રંક લાગે, નગર શુન્યકાર;
તેજ હીણ દેહ લાગે, ગયે ગુણી કુમાર.

मंदोदरी— (રાવણપ્રત્યે.)

પસ્તાવો શું પાછળે, કરો અરે રાજન;
સીતા હરી ત્યારથીજ, થાય છે વીઘન.

(મંદોદરીનો વિલાપ.)

થોરી ગલીયન કરત પુકાર.—(એ રાગ.)
કીધી ગુણીયલ તનય નિરાશ,
દિપક કૂળતણા મન છે ઉદાસી. કીધી.
રાત દિવસ વાલા બહુ બહુ સુખ દઈ,
નાશી ગયો દૂર તું મેલી. કીધી.
જાય અકારી સહુ જીંદગી અમારી,
સુતવિના દુનિયા લાગે ખારી. કીધી.

તોટક છંદ

પ્રભુ પુત્રવિના પળ કેમ ઠરૂં, ઘડિ એક હવે કયમ ધીર ધરૂં;
મુજ વિત્ત ગયું સુખકાર ખરે, મરવા સમ વાત થઇજ અરે.
નયને ઠરતું નથી રાજ્ય વળી, વિરહી દુખમાં તન દીધ દળી;
તજીયે તન આ તજીને મમતા, સુખ ભોગ હોજ નથી ગમતા.

જનુની વિન પુત્ર જીવે ન કદી, મુજને દુનિયાજ જણાય રદી;
પ્રભુરે પ્રભુરે પ્રભુરે પ્રભુરે, જઇ ક્યાં વસવું જગના વિભુરે.

सुलोचना— (રાવણપ્રત્યે.)

લલીત છંદ.

સ્વશુર સાંભળો વીનતી સહી, સમય જાય છે સત્ય તો વહી;
શિશ લઈ મને સદ્ય આપવા, શ્રમ કરો જઈ કષ્ટ કાપવા.

रावण— (સેવકોપ્રત્યે.)

રાગ ઇન્દ્રસભાનો.

સેવક સહુ થાઓ તમે, જલદીથી તૈયાર;
સુત કેરૂં શીર સત્વર, લઉં કરી પ્રહાર.

मंदोदरी— (સુલોચનાપ્રત્યે.)

રાગ ઓખાહરણનો.

શુણો ધામ શોભિત વધુ મારી, ચતુરાઈ વખાણું શું તારી;
માનો આગ્ના કહું જે આજે, સંચરો જ્યાં શ્રીરામ બિરાજે;
મસ્તક માગો સ્વામીનું જઇને, દેશે દેવ દયાળુ થઇને;
સાધુ જન છે રઘુવીર પાસે, માટે આપશે એમને ભાસે. (જાય છે.)

પ્રવેશ ૭ મો. (સ્થળ, રામની રણભૂમિ.)

वांदरा— (રામપ્રત્યે.)

દોહરો.

રઘુનાથજી સાંભળો, થયું આપણું કાજ;
ભય પામીને જાનકી, મેલી રાવણ રાજ.

(રામનો ઉત્તર.)

ભાઈ એમ તજશે નહીં, સીતા લંકા રાય;
બીજી કો નારી હશે, મુકે જો મૃત્યુ થાય.

राम— (વિભિષણપ્રત્યે.)

રાગ ઈન્દ્રસભાનો.

સતી રૂપ સાધવી આ, બેસી સુખાસન;
અહીં આજ આવે કોણ, બોલી દ્યો વચન.

(વિભિષણ જવાબ દેછે.)

સતી છે શીરોમણી એ, સર્વમાં પાવન;
રામા ઇંદ્રજીત કેરી, આવી તમ દરશન.
શીશ લઈ સ્વામીતણું, કરશે સહગમન;
પતી નામ જેને પ્યારૂં, ઊંચ છે રતન.

(એટલામાં.)

सुलोचना— (આવીને રામની સ્તુતિ કરે છે.)

આહા પુરી બીલી ચંદા—(એ રાહ.)

નમુંછું રામચંદ્ર પ્યારા, તમે છો વિશ્વથકી ન્યારા. નમુંછું
લીલા સુંદર કરનારા, સ્વીકારી લ્યો વંદન મારા. નમુંછું.
ગણીને કૃપાવંત સારા, દર્શન કરૂં શ્રેષ્ટ તારા. નમુંછું.

ગજલ.

દીનદયાળ ભક્તપાળ, ટાળ મારો ત્રાસ;
રઘુકૂળ ચંદ્રતારો, સર્વ સ્થળે વાસ. દીન દયાળ.
અવતાર ધર્યો ચાલવાને, લિલાનો વિલાસ;
ભૂમીભાર હર્ણ કાજ, તારવાને દાસ. દીન દયાળ.

મન મારૂં રહે નિત્ય, હાલમાં ઉદાસ;
અવધ પતી તેથી આજ, બાળ વ્યર્થ ભાસ. દીન દયાળ.
છોડી ફંદ આવી હું, પ્રભુ તમારી પાસ;
માટે મને શીર આપી, પૂર્ણ કરો આશ. દીન દયાળ.

પદ.—રાગ કાફી.

સિતાપતી શીશ અપાવ,
સ્વામી સાથે સહગમન કરૂં હું. સિતાપતી.
આકુળવ્યાકુળ મનમાં થઇ છું,
માર્ગ સુખદ બતલાવરે. સ્વામી.

દોહરો.

શીશ અપાવો રામજી, એ માગું આ વાર;
સતી સમય કોઇ વાંદરા, કરે ન હાહાકાર.

राम— (સુલોચનાપ્રત્યે.)

રાગ ઇન્દ્રસભાનો.

સત્યવંત નાર તને, ખબર પડી કેમ?
શીશ તણી વાત કહો, જેમ બની છે તેમ.

સુલોચના જવાબ વાળે છે.

હસ્ત પડ્યો આંગણાંમાં, લખ્યો તેણે પત્ર;
જાણી એથી વાત બધી આવી તદા અત્ર.

कपीमंडळ— (સુલોચનાપ્રત્યે.) દુહો.

એ વાત ક્યમ માનીએ? લાગે ઘણી નવાઇ;
હાસ્ય કરે જો વદન તો, માન્ય કરે સૌ આંઇ.

सुलोचना— (વદન સામે સ્તુતિ કરે છે.)

લલિત છંદ.

પ્રિય પતી શુણો પ્રાર્થના કરૂં, ચરણ સેવવા ધ્યાનરે ધરૂં;
તમતણી મને પ્રીતડી દહે, તન સુલોચના અંગના સહે.
કર કૃપા ખરી પ્રાણનાથ તું, મુખથી માગણી જે કરૂંજ હું;
વદન આપનું હાસ્ય જો કરે, વચન પતિનું સત્ય તો ઠરે.

રાગ—ઇંદ્રસભાનો.

ઠરે વચન સત્ય તોજ, થાય સાચું કાજ;
અહો શાણા કંથ હવે, રાખો મારી લાજ.
વદન નહીં હસવાથી. (ફરીને.)

લાવણી.

ગોરી ચલી સાસરે.—(એ રાગની.)
કયમ નથી કરંતા હાસ્ય, પીયુ ઓ વાલા;
શું પડી ધર્મમાં ચૂક, અરે જન પાળા.
હાં ભૂલ કરી મેં એક, નેક સૌ છોડી;
મુજ પિતા તેડાવ્યા નહીં, ટેક તે તોડી.
જો આવત મારા તાત, શેષજી જાતે;
તો યુદ્ધ કરત સુખકાર, રણે વિધ ભાતે.
પણ આવ્યું નહીં ઇયાદ, ઉરે પતી મારા;
નહીં તો મૃત્યુ નવ થાત, આપનું પ્યારા.
એ થયો ખરો અપરાધ, ભાવીથી ચુકી;
આ કરી જોડ ખંડીત, એકલી મૂકી.

અરે લાલદેવ ઇસતરફ જલ્દ આ.—(એ રાગ.)

મુકી મને એકલીને, જશો પીયુ ક્યાં ?
દેહ બાળી આપ સંગ, હુંજ આવું ત્યાં. (હુમે છ)

लक्ष्मण— (આ સાંભળીને શોક કરે છે.)

લલિત છંદ.

અરર યુદ્ધમાં આમ શું થયું ! હૃદયથી ભલું જ્ઞાન જ્યાં ગયું;
ખબર નૈ અને કામ આદર્યું; સુત જમાત્રનું મર્ણ મેં કર્યું.
શરિર શોકમાં ડુબી જાય છે, મનવિષે વળી કંપ થાય છે;
અરર હાયરે હાથથી હણ્યો, પ્રિય જમાઇનેરે નહીં ગણ્યો.

રાગ—ઈંદ્રસભાનો.

ગણ્યો નહીં જમાઈ મેં, કર્યું બુરૂં કામ;
અફસોસ પાછળ શું કરૂં, અફળ ગઈ હામ.

राम— (લક્ષ્મણને બોધ દઇ શાંત કરે છે.)

ગજલ.

બંધુ મુજ શોક કરો નૈં કાંઇ, થવાનું થાય છે કરમે.—ટેક.
સજીવન કરૂં તેમને હું, ધરીને હર્ષ પ્રિતે આજે;
બનાવી નવી લંકસારી, પછી શુભ રાજ્ય દઊં મરમે. બંધુમુજ

सुलोचना— રામપ્રત્યે. (કોઇ ચઢાવે ધનુષ્યબાણ.)

ઉરે ઇચ્છા શાની રાખું, નથી લેશ મારે,
મોહ વૃત્તિ ટળી જોયું, આપ મુખ જ્યારે.

(પછી રામચંદ્રજી સુલોચનાને શીશ આપેછે તે લઇને સતી સુલોચના સાગરને કિનારે જાયછે ત્યાં એહ ખડકી બળવા તૈયાર થતી વખતે.)

ઇશ્વરની કરેલી સ્તુતિ.)

(રાગ—સિતાજીના બાર મહિનાનો.)

જયરે જય વિશ્વાધાર, વંદુ વિશ્વંભરા;
મને આ ભવમાંથી તાર, વિજયી પ્રાણેશ્વરા.
થયો પૂર્ણ મારો અવતાર, પોઢ્યા પતી જંગમાં;
નથી શોક હું કરતી લગાર, સંસારિક સંગમાં.
આજ તે મુજ કંથની સાથ, બળું છું પ્રીતથી;
આપો એજ ભવો ભવનાથ, માગું શુભ રીતથી.
છો તું પ્રાણીનો સાક્ષિસાર, ભવભય ભંજના;
વળી ઉરમાં કૃપાળુ અપાર, સકળ મનરંજના.
મને પાવન કર પરમેશ, માગું છેલ્લીવારનું;
મારૂં કલ્યાણ કરવા વિશેષ, બની છું તૈયાર હું.
પ્રભુ સતી થવાનો વખ્ત, સારો તું સુધારજે;
રહું નિત્યે પતિમાં આશક્ત, બુદ્ધિ એ વધારજે.
લઇ કંથ હું અંક મોઝાર, બેસું હવે ચેહમાં;
જયરે જય જગદાધાર, શુદ્ધિ કરો દેહમાં.

(પછી સુલોચના પોતાના પતિનું ધડ ને મસ્તક ભેગું કરી નીચેપ્રમાણે કહે છે.)

રાગ—બિહાગ.

મને કોણ કેતાં પ્યારી પ્રિયા,
પતિ તે છેજ મારા ભોળાનીમાંય મને કોણ.—ટેક.
દુર પ્રિતડી મેલી કેમ ન બોલો,
અરે સ્વામી ક્યારે છોડી ગયા. મને કોણ.
મનથી વિસારી રહ્યાં શું તજીને,
પણ કેમ પ્યારા છોડી જવાયે. મને કોણ.

આવું છું હું આપની સંગે,
તમે જ્યાંરે પ્યારા બિરાજશો ત્યાંએ. મને કોણ.

(ઉપર પ્રમાણે સુલોચના વિયોગનો વિલાપ કરી પોતાના
સ્વામી સાથે સતી થાય છે સઘળા દેવ આકાશમાં
દુંદુંભીનો નાદ કરી ત્યાંથી પુષ્પની વૃષ્ટી કરે છે.)

(એવામાં અધરથી વિમાન આવે છે તેમાં સ્ત્રી પુરૂષ બેસતી વખતે
પ્રથમ સુલોચના ઇંદ્રજીત પ્રત્યે કહે છે.) દીવ્યસ્વરૂપે.

રાગ—સિતાજીની બાર માસીનો.

શુણો પ્રિય પતિ પરમ ઉદાર, ચાલો હવે સ્વર્ગમાં;
થયો આપણો જયજયકાર, જઇશું અપવર્ગમાં.

છેવટે (ઇન્દ્રજીત **સુલોચનાપ્રત્યે.**) દીવ્ય સ્વરૂપે.

પ્રિયા ચાલો બેસોને વિમાન, ખરા દીવ્ય દેહથી;
ભાવે ભજીએ કરૂણા નિધાન, દંપતિ સ્નેહથી.

(વિમાનમાં બેસે છે તે આકાશમાર્ગે જાય છે.)

(સંપૂર્ણ થયા પછી સર્વે મળી ગાય છે.)

રામચંદ્ર રઘુવીરના રાગનું પદ.

બોલો જયજયકાર, જીભથી બોલો જયજયકાર.—ટેક.
દીવ્ય દેહ ધરી પતિ પ્રિયા બે, પામ્યા મોક્ષનું દ્વાર;
સત્ય તણો જય સર્વ સ્થળે છે, નથી જૂઠ તલભાર. જીભથી.
મુક્તિ મળે છે સાચ પાળતા, અવર નહીં આધાર;
સકળ વિશ્વ છે સત્યાધારે, હરએ જગ કિરતાર. જીભથી.
આ જગમાંહે વિધવિધ રીતે, કોટી થાય અવતાર;
કરણી સમ સૌ પાર ઉતરશે, દુર્લભ એજ વિચાર. જીભથી.

સમાપ્ત.

जाहेर खबर.

આ ચોપડી નિચે લખેલે ઠેકાણેથી રોકડી મળશે.

મુંબઈમાં—ઓરિયન્ટલ પ્રેસમાંથી.

જામનગરમાં—રચનાર તથા પ્રકટકાર પાસેથી, અનસ્બ્રાંચ સ્કૂલ નંબર ૧ લામાંથી.